Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 14
Name : _______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
# તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 98
Roll No. : ____________

---

## SECTION - A

➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 19)

1. કોના કારણે ભારત એક ઉપખંડ બની ગયો છે?
   A. વિચિત્રતાઓના B. વિષમતાઓના C. વિવિધતાઓના D. વિશિષ્ટતાઓના
2. પંજાબના લોકો ક્યો ધર્મ પાળે છે?
   A. બૌદ્ધ B. જરથોસ્તી C. યહૂદી D. શીખ
3. આંધ્ર પ્રદેશ અને તેલંગણામાં લોકો કઈ ભાષા બોલે છે ?
   A. તેલુગુ B. કન્નડ C. તમિલ D. મલયાલમ
4. કર્ણાટકમાં લોકો કઈ ભાષા બોલે છે?
   A. મલયાલમ B. તમિલ C. કન્નડ D. તેલુગુ
5. તમિલનાડુમાં લોકો કઈ ભાષા બોલે છે?
   A. કન્નડ B. તમિલ C. મલયાલમ D. તેલુગુ
6. કેરલમાં લોકો કઈ ભાષા બોલે છે ?
   A. તમિલ B. મલયાલમ C. કન્નડ D. તેલુગુ
7. ઉત્તર પ્રદેશનું જાણીતું નૃત્ય કયું છે?
   A. કૂચીપૂડી B. ભરતનાટ્યમ્ C. કથક D. કથકલી
8. કેરલનું જાણીતું નૃત્ય કયું છે?
   A. કથકલી B. કથક C. કૂચીપૂડી D. ભરતનાટ્યમ્
9. તમિલનાડુનું જાણીતું નૃત્ય કયું છે?
   A. ભરતનાટયમ્ B. કૂચીપૂડી C. કથક D. કથકલી
10. અસમનું જાણીતું નૃત્ય કયું છે ?
    A. ઓડિસી B. બિહુ C. કથકલી D. ઘુમ્મર
11. ઘુમ્મર કયા રાજ્યના લોકોનું જાણીતું નૃત્ય છે?
    A. ગુજરાત B. રાજસ્થાન C. મધ્ય પ્રદેશ D. કેરલ
12. જો આપણે એક રાષ્ટ્રના રૂપમાં જીવિત રહેવું હશે, તો આપણે સૌએ રાષ્ટ્રીય એકતાની આવશ્યકતા સ્વીકારવી જ પડશે.' આ વિધાન કોણે કહ્યું છે?
    A. જવાહરલાલ નેહરુએ
    B. ડૉ. રાજેન્દ્રપ્રસાદે
    C. ડૉ. રાધાકૃષ્ણને
    D. ડૉ. ભીમરાવ આંબેડકરે
13. સ્વતંત્ર ભારતના બંધારણમાં કયા હક દ્વારા અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે ?
    A. બંધારણીય ઇલાજના
    B. સ્વતંત્રતાના
    C. ધાર્મિક સ્વાતંત્ર્યતાના
    D. સમાનતાના
14. ભારતમાં કેટલા ધર્મના અનુયાયીઓ રહે છે?
    A. છ B. સાત C. આઠ D. નવ

BHAVDIP VADHER

15. ભારતનું રાષ્ટ્રગાન 'વંદે .. માતરમ્ ...'ના રચયિતા કોણ છે?
   A. ઓમકારનાથ ઠાકુર
   B. રવીન્દ્રનાથ ટાગોર
   C. સુભાષચંદ્ર બોઝ
   D. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય
16. સમાજમાં કેટલાક લોકો શિક્ષણ લે છે, જ્યારે કેટલાક લોકો શિક્ષણ લેતા નથી ત્યારે શું ઉત્પન્ન થાય છે?
   A. વિવિધતા B. ભેદભાવ C. અસમાનતા D. જરૂરિયાત
17. સામાન્ય રીતે જોવા મળે છે કે ગ્રામીણ લોકો ...
   A. ગંદા, અજ્ઞાની અને અંધશ્રદ્ધાળુ હોય છે.
   B. ગંદા, અજ્ઞાની અને ચાલાક હોય છે.
   C. ગંદા, અજ્ઞાની અને સ્વાર્થી હોય છે.
   D. ગંદા, અજ્ઞાની અને આળસુ હોય છે.
18. તેઓ મોટા ભાગે કુરિવાજોનો ભોગ બને છે.' આ વિધાન સામાન્ય રીતે કોની સાથે સાંકળવામાં આવે છે?
   A. છોકરાઓ સાથે B. છોકરીઓ સાથે C. પરણિત મહિલાઓ સાથે D. પુરુષો સાથે
19. જ્ઞાતિપ્રથાના નિયમો એવા હતા કે તથાકથિત 'અસ્પૃશ્યો' ને કયું કામ કરવાની છૂટ ન હતી ?
   A. ઊંચી જ્ઞાતિના લોકોનાં ઘરમાં પ્રવેશ કરવાની
   B. ગામના કૂવેથી પાણી ભરવાની
   C. ગામનાં મંદિરોમાં જવાની
   D. આપેલ તમામ

➽ ખાલી જગ્યા પૂરો **(Marks - 22)**

20. મહારાષ્ટ્રના લોકો મુખ્યત્વે..........ભાષા બોલે છે.
21. પંજાબના લોકો ........નૃત્ય માટે જાણીતા છે.
22. મહાવીરજયંતીનો ઉત્સવ .......ધર્મના લોકો ઊજવે છે.
23. ભારતમાં ..........રાજ્યના રાસ-ગરબા જાણીતા છે.
24. ..........ના કારણે જ ભારત એક ઉપખંડ બન્યો છે.
25. ઓડિશાના લોકો ......... ભાષા બોલે છે.
26. મહારાષ્ટ્રમાં .......નો તહેવાર ખૂબ ધામધૂમથી ઊજવવામાં આવે છે.
27. પારસી લોકો ........નો તહેવાર ઊજવે છે.
28. ........... ના લોકો વૈશાખીનો તહેવાર ઊજવે છે.
29. ઉત્તર પ્રદેશના લોકોનો મુખ્ય તહેવાર .........છે.
30. ........... રાજસ્થાનના લોકોનું જાણીતું નૃત્ય છે.
31. .........મહારાષ્ટ્રનું જાણીતું નૃત્ય છે.
32. ............. વિશ્વની પ્રાચીનતમ સંસ્કૃતિઓમાંની એક છે.
33. ...........એ ભારતીય સંસ્કૃતિની આગવી વિશિષ્ટતા છે.
34. ભારતે ...........ની ભાવનાને વિશ્વમાં સાકાર કરી છે.
35. ધર્મની દષ્ટિએ ભારત ..........દેશ છે.
36. ભારતના લોકો ..........ની ભાવનાથી પોતાનું જીવન જીવે છે.
37. પ્રારંભિક સમાજરચનામાં વ્યવસાય આધારિત .......... હતી.
38. બંધારણે આપેલા ..........ના અધિકાર (હક) દ્વારા સૌને રાષ્ટ્રમાં સમાન તક, ન્યાય અને દરજ્જો પ્રાપ્ત થયાં છે.
39. અનેક સ્વતંત્રતાઓ મળવાથી સમાજમાંથી........... નામશેષ થઈ રહ્યા છે.
40. દેશમાં છોકરીઓમાં..........નું પ્રમાણ નીચું હોવાથી તેઓ સામાજિક કુરિવાજોનો ભોગ બને છે.
41. સમાજમાં પુત્ર જન્મને પ્રાધાન્ય હોવાથી સ્ત્રીઓ .........હત્યાનો ભોગ બને છે.

BHAVDIP VADHER

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** (Marks - 18)

42. આઝાદી પછીનાં વર્ષોમાં ભેદભાવો નામશેષ થઈ રહ્યા છે.
43. આપણો દેશ શહેરોનો બનેલો છે.
44. ચુંટણીમાં કેટલીક બેઠકો અનામત રાખવામાં આવતી નથી .
45. આપણા દેશમાં ચાર ધર્મમાં આસ્થા ધરાવતા લોકો રહે છે.
46. આપણા દેશમાં બધા ધર્મોને સરખું મહત્ત્વ આપવામાં આવે છે.
47. કોંકણી ભાષા મહારાષ્ટ્રની એક ભાષા છે.
48. ગુજરાતમાં ઓણમનો તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવે છે.
49. કથક નૃત્ય તમિલનાડુનું જાણીતું નૃત્ય છે.
50. ભરતનાટ્યમ્ નૃત્ય કેરલનું જાણીતું નૃત્ય છે.
51. ભારતના લોકો અનેક બાબતોમાં એકબીજાથી ભિન્ન હોવા છતાં તેમનામાં ભાવાત્મક એકતા પ્રવર્તે છે.
52. વિવિધતામાં એકતા આપણા દેશની આગવી વિશિષ્ટતા છે.
53. રવનીન્દ્રનાથ ટાગોરરચિત રાષ્ટ્રગીતમાં ભારતીય એકતાની અભિવ્યક્તિ થયેલી છે.
54. એકતામાં વિવિધતા એ ભારતીય સંસ્કૃતિનું મહત્ત્વનું લક્ષણ છે.
55. ભારતના લોકો સહઅસ્તિત્વની ભાવનાથી જીવે છે.
56. આજે પણ ભારતીય સમાજમાં જ્ઞાતિ આધારિત ભેદભાવ જોવા મળે છે.
57. મફત અને ફરજિયાત શિક્ષણના અધિકારના કાયદાથી માધ્યમિક શિક્ષણની તકો મળવા લાગી છે.
58. આજે મોટા ભાગનાં કુટુંબોમાં સ્ત્રીઓ કુટુંબવિષયક નિર્ણયો લેવાની સત્તા ભોગવે છે.
59. વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓનું નોંધપાત્ર પ્રમાણ સ્ત્રી-પુરુષનો ભેદભાવ સ્પષ્ટ કરે છે.

**➽ જોડકા જોડો** (Marks - 9)

60. બંધબેસતાં જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | પંજાબી. | (1) તમિલનાડુ |
| 2. | ઉડિયા. | ( 2 ) ગુજરાત |
| 3. | ગુજરાતી. | ( 3) કર્ણાટક |
| 4. | તમિલ | ( 4 ) ઓડિશા |

61. બંધબેસતાં જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | ઈસ્લામ | (1) પારસીઓ |
| 2. | શીખ. | ( 2 ) હિન્દુઓ |
| 3. | જરથોસ્તી | ( 3) મુસલમાનો |
| 4. | હિન્દુ. | (4) જૈનો |

62. બંધબેસતાં જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | ગણેશચતુર્થી | (1) પશ્ચિમ બંગાળ |
| 2. | અષાઢી બીજ. | ( 2) મહારાષ્ટ્ર |
| 3. | ઓણમ. | ( 3) પંજાબ |
| 4. | વૈશાખી. | (4) ઓડિશા |

## SECTION - B

**➽ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો** (Marks - 22)

63. આપણા દેશમાં કઈ કઈ ભાષાઓ બોલાય છે ?



BHAVDIP VADHER

64. આપણા દેશના લોકો કયા કયા ધર્મો પાળે છે?

65. રાષ્ટ્રીય એકતા કોને કહેવાય?

66. ભારતના લોકોમાં કઈ કઈ બાબતોમાં ભિન્નતાઓ છે ?

67. આપણા દેશના લોકો કયા કયા તહેવારો ઊજવે છે?

68. આપણા દેશમાં કયાં ક્યાં નૃત્યો જાણીતાં છે ?

69. ભારતની સંસ્કૃતિની આગવી વિશિષ્ટતા કઈ છે ?

70. ડો રાધાકૃષ્ણને રાષ્ટ્રીય એકતા વિશે શું કહ્યું છે ?

71. આઝાદીની લડતમાં દેશવાસીઓએ કઈ રીતે રાષ્ટ્રીય એકતાનાં દર્શન કરાવ્યાં હતાં?

72. ભારત ભાતીગળ સંસ્કૃતિનું સર્જન શાથી કરી શકયો છે?

73. ભારતે કઈ ભાવનાને વિશ્વમાં સાકાર કરી છે ?

74. ભારતે ધર્મની બાબતમાં શેનો પ્રસાર વિશ્વમાં કર્યો છે?

75. ભારતના લોકો કઈ ભાવનાથી પોતાનું જીવન જીવે છે ?

76. આપણા દેશમાં કયા કયા ભેદભાવ જોવા મળે છે ?

77. ભારતમાં જ્ઞાતિ આધારિત ભેદભાવ શાથી ઉદભવ્યા હતા ?

78. ભારતમાંથી અસ્પૃશ્યતા કઈ રીતે નાબૂદ થઈ છે ?

79. સૌને સમાન રીતે પ્રાથમિક શિક્ષણની તકો શાથી મળવા લાગી છે?

80. સરકાર કઈ કઈ પાયાની સુવિધાઓ પૂરી પાડે છે? શા માટે?

81. કયા કારણે આઝાદી પછીનાં વર્ષોમાં ભેદભાવો નામશેષ થઈ રહ્યા છે?

82. ભારતીય સમાજમાં છોકરીઓ સાથે કઈ કઈ બાબતોમાં ભેદભાવ રાખવામાં આવે છે ?

83. ભારતમાં સ્ત્રીઓને કયા કયા કુરિવાજોનો ભોગ બનવું પડે છે? શા માટે?

84. સ્ત્રીઓ સ્ત્રી-ભૂણ હત્યાનો ભોગ સાથી બને છે ?

➽ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 8)**

85. આપણો દેશ કયા કારણે વિવિધતાવાળો દેશ બન્યો છે?

86. છોકરા-છોકરીના ભેદભાવ વિશે ટૂંકમાં જણાવો.

87. ભારત બિનસાંપ્રદાયિક દેશ છે. વિધાન સમજાવો.

88. ટૂંક નોંધ લખો : વિવિધતા અને સમાનતાના પ્રયાસો

## Best Of Luck

BHAVDIP VADHER

Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 14

# ANSWERS

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 98

## SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** (Marks - 19)

1. વિચિત્રતાઓના
2. શીખ
3. તેલુગુ
4. કન્નડ
5. તમિલ
6. મલયાલમ
7. કથક
8. કથકલી
9. ભરતનાટયમ્
10. બિહુ
11. રાજસ્થાન
12. ડૉ. રાધાકૃષ્ણને
13. સમાનતાના
14. આઠ
15. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય
16. ભેદભાવ
17. ગંદા, અજ્ઞાની અને અંધશ્રદ્ધાળુ હોય છે.
18. પરણિત મહિલાઓ સાથે
19. આપેલ તમામ

**➽ ખાલી જગ્યા પૂરો** (Marks - 22)

20. મરાઠી
21. ભાંગડા
22. જૈન
23. ગુજરાત
24. વિવિધતાઓ
25. ઉડિયા
26. ગણેશચતુર્થી
27. પતેતી
28. પંજાબ
29. હોળી
30. ધુમ્મર
31. લાવણી
32. ભારતીય સંસ્કૃતિ

BHAVDIP VADHER

33. વિવિધતામાં એકતા

34. □□□□□□ □□□□□□□□□□ ।

35. બિનસાંપ્રદાયિક

36. સહઅસ્તિત્વ

37. વર્ણવ્યવસ્થા

38. સમાન

39. ભેદભાવો

40. સાક્ષરતા

41. સ્ત્રી -ભૃણ

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 18)**

42. ખરું (True)

43. ખોટું (False)

44. ખોટું (False)

45. ખોટું (False)

46. ખરું (True)

47. ખરું (True)

48. ખોટું (False)

49. ખોટું (False)

50. ખોટું (False)

51. ખરું (True)

52. ખરું (True)

53. ખોટું (False)

54. ખોટું (False)

55. ખરું (True)

56. ખરું (True)

57. ખોટું (False)

58. ખોટું (False)

59. ખોટું (False)

**➽ જોડકા જોડો** **(Marks - 9)**

60. (1 - 5), (2 - 4), (3 - 2), (4 - 1)

61. (1 - 3), (2 - 5), (3 - 1), (4 -2).

62. (1 -2), (2 -4), (3 - 5), (4 - 3).

## SECTION - B

**➽ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો** **(Marks - 22)**

63. આપણા દેશમાં હિન્દી, અંગ્રેજી, ગુજરાતી, બંગાળી,મરાઠી, પંજાબી, તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ, ઉડિયા,કોંકણી વગેરે ભાષાઓ બોલાય છે.

64. આપણા દેશના લોકો હિન્દુ, ઇસ્લામ, ખ્રિસ્તી, શીખ,જૈન, બૌદ્ધ, જરથોસ્તી, યહુદી વગેરે ધર્મો પાળે છે.

65. વિવિધ ધર્મો, ભાષાઓ અને જાતિઓના લોકો પોતાના રાષ્ટ્ર માટે પ્રેમ, સમ્માન, આદર, નિષ્ઠા, ત્યાગ અને સમર્પણની ભાવના પ્રદર્શિત કરે તેમજ એકતાની લાગણીઓ સમાનભાવે અનુભવે તેને 'રાષ્ટ્રીય એકતા' કહેવાય.

BHAVDIP VADHER

66. ભારતના લોકોમાં ધર્મ, ભાષા, સંસ્કૃતિ, ખોરાક, પોશાક, રહેણીકરણી, રીતરિવાજ, તહેવારો, રહેઠાણ, માન્યતાઓ વગેરેમાં ભિન્નતાઓ છે.

67. આપણા દેશના લોકો દિવાળી, મકરસંક્રાંતિ, હોળી, દશેરા, શિવરાત્રી, ગણેશચતુર્થી, ઈદ, નાતાલ, અષાઢી બીજ,મહોરમ, બુદ્ધજયંતી. મહાવીર જયંતી, ઓણમ, પતેતી, વૈશાખી વગેરે તહેવારો ઊજવે છે.

68. આપણા દેશમાં આ નૃત્યો જાણીતાં છે : રાસ-ગરબા (ગુજરાત), ભાંગડા (પંજાબ), કથક (ઉત્તર પ્રદેશ), કૂચીપૂડી (આંધ્ર પ્રદેશ), કથકલી (કેરલ), (ભરતનાટયમ્ (તમિલનાડુ ) , બિહુ (અસમ), ઓડિસી (ઓડિશા), ધુમ્મર (રાજસ્થાન) , લાવણી (મહારાષ્ટ્ર) વગેરે નૃત્યો જાણીતા છે.

69. વિવિધતામાં એકતા એ ભારતની સંસ્કૃતિની નામથી વિશિષ્ટતા છે .

70. ડો. રાધાકૃષ્ણને રાષ્ટ્રીય એકતા વિશે આ પ્રમાણે કહ્યું છે : "જો આપણે એક રાષ્ટ્રના રૂપમાં જીવિત રહેવું હશે, તો આપણે સૌએ રાષ્ટ્રીય એકત્તાની આવશ્યકતા સ્વીકારવી જ પડશે."

71. આઝાદીની લડતમાં દેશવાસીઓ એ રાષ્ટ્રપ્રેમ અને સમર્પણની ભાવના થકી રાષ્ટ્રીય એકતાના દર્શન કરાવ્યાં હતાં.

72. ભારત અનેક પ્રકારની વિવિધતાઓ ધરાવતો દેશ હોવાથી ભાતીગળ સંસ્કૃતિનું સર્જન કરી શક્યો છે.

73. ભારતે ' □□□□□□ □□□□□□□□□□ । ' (સમગ્ર વિશ્વ એક કુટુંબ છે.)ની ભાવનાને વિશ્વમાં સાકાર કરી છે.

74. ભારતે ધર્મની બાબતમાં ધાર્મિક સહિષ્ણુતા અને સર્વધર્મસમભાવનો પ્રસાર વિશ્વમાં કર્યો છે.

75. ભારતના લોકો સહઅસ્તિત્વની ભાવનાથી પોતાનું જીવન જીવે છે.

76. આપણા દેશમાં અમીર-ગરીબ, છોકરા-છોકરી, સાક્ષર-નિરક્ષર, શહેરી - ગ્રામીણ તેમજ જ્ઞાતિ આધારિત ભેદભાવ વગેરે ભેદભાવો જોવા મળે છે.

77. પ્રારંભિક સમાજરચનામાં વ્યવસાય આધારિત વર્ણવ્યવસ્થા હતી. તેમાં કેટલાક સમુદાયો સામાજિક અને આર્થિક રીતે પછાત રહી ગયા હતા, આથી ભારતમાં જ્ઞાતિ આધારિત ભેદભાવ ઉદ્ભવ્યા હતા.

78. સ્વતંત્ર ભારતના બંધારણે સી નાગરિકોને સમાનતાનો અધિકાર (હક) આપ્યો છે. પરિણામે ભારતમાંથી અસ્પૃશ્યતા નાબૂદ થઈ છે.

79. સરકારે 6થી 14 વર્ષની ઉંમરનાં તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ મળે એ મુજબનો અધિકાર (હક) આપતો કાયદો અમલમાં મૂક્યો છે. તેથી સૌને સમાન રીતે પ્રાથમિક શિક્ષણની તકો મળવા લાગી છે.

80. સરકાર લોકોના સામુદાયિક વિકાસ માટે ગ્રામ્ય સડકો,પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, વીજળી, પીવાનું પાણી, પ્રાથમિક શિક્ષણ વગેરે પાયાની સુવિધાઓ પૂરી પાડે છે.

81. લોકો પોતાના ધર્મનું પાલન કરી શકે છે, પોતપોતાની ભાષા બોલી શકે છે અને પોતાના તહેવારો ઊજવી શકે છે. – આ બધી સ્વતંત્રતા મળવાથી આઝાદી પછીનાં વર્ષોમાં ભેદભાવો નામશેષ થઈ રહ્યા છે.

82. ભારતીય સમાજમાં છોકરીઓ સાથે આરોગ્ય, આર્થિક અધિકારો, રમતગમત, અભ્યાસ, હરવું-ફરવું, વિચાર અને વ્યવહાર વગેરે બાબતોમાં ભેદભાવ રાખવામાં આવે છે.

83. ભારતમાં સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ નીચું હોવાથી સ્ત્રીઓને બાળલગ્ન, પડદાપ્રથા, દહેજપ્રથા અને અન્ય સામાજિક કુરિવાજોનો ભોગ બનવું પડે છે.

84. ભારતીય સમાજમાં પુત્ર-જન્મને પ્રાધાન્ય આપવામાં આવે છે. તેથી સ્ત્રીઓ સ્ત્રી-ભૃણ હત્યાનો ભોગ બને છે.

**➽ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 8)**

85. આપણો દેશ ધર્મ, ભાષા, જાતિ, જ્ઞાતિ, આર્થિક અસમાનતા, ખાન-પાન, તહેવાર, પોશાક, રૂપ-રંગ, રહેઠાણ ,માન્યતા, રીતરિવાજ વગેરે બાબતોને કારણે વિવિધતાવાળો બન્યો છે. આ ઉપરાંત, ભૂપૃષ્ઠ, આબોહવા, વનસ્પતિ, વન્યજીવો, ખેતી વગેરે ભૌગોલિક બાબતોને કારણે પણ આપણો દેશ વિવિધતાવાળો બન્યો છે.

86. ( 1) સ્ત્રી-પુરુષમાં જૈવિક ભિન્નતા છે. તેથી છોકરા-છોકરીના ઉછેરમાં ભેદભાવ રાખવામાં આવે છે. ( 2 ) આજે ઘણાં કુટુંબોમાં મહિલા ઘરકામ કરે, રસોઈ બનાવે અને બાળઉછેરનું કામ કરે છે. (3) કુટુંબમાં સ્ત્રીઓને કોઈ નિર્ણય લેવાની સતા હોતી નથી. ( 4 ) દીકરીઓને શૈશવકાળથી શિક્ષણ,આરોગ્ય અને આર્થિક અધિકારોથી વંચિત રાખવામાં આવે છે. (5) કપડાંમાં, અભ્યાસની તકોમાં, હરવા-ફરવામાં અને વ્યાવસાયિક કામોમાં છોકરીઓ પ્રત્યે લૈંગિક ભેદભાવ રાખવામાં આવે છે. ( 6 ) છોકરીઓમાં સાક્ષરતાનું પ્રમાણ નીચું હોવાથી તેઓ બાળલગ્ન, પડદાપ્રથા, દહેજપ્રથા તથા અન્ય કુરિવાજો અને અન્યાયોનો ભોગ બનવું પડે છે. ( 7) સમાજમાં પુત્ર-જન્મને પ્રાધાન્ય હોવાથી સ્ત્રીઓને સ્ત્રી-ભૂણ હત્યાનો ભોગ બનવું પડે છે. (8) વિવિધ ક્ષેત્રોમાં સ્ત્રીઓનું ઓછું પ્રમાણ સ્ત્રી-પુરુષ વચ્ચેનાભેદભાવો સ્પષ્ટ કરે છે.

87. (1) ભારતના બંધારણે દેશના તમામ નાગરિકોને 'ધાર્મિક સ્વાતંત્ર્ય'નો મૂળભૂત હક આપ્યો છે. ( 2 ) આ હક દ્વારા ભારતમાં ધર્મ, જાતિ કે પંથના ભેદભાવ વિના બધા નાગરિકોને સમાન અધિકારો આપવામાં આવ્યા છે. (3) ભારત સરકાર કોઈ પંથ કે ધર્મને વરેલી નથી. રાજ્ય બધા ધર્મોને સમાન ગણે છે. (4) રાજ્યની નજરમાં ધર્મને કારણે કોઈ ઊંચું કે નીચું નથી. ( 5) ભારતમાં દરેક નાગરિકને પોતપોતાનો ધર્મ પાળવાની છૂટ છે. ( 6 ) ભારત સરકાર ધાર્મિક બાબતોમાં નિષ્પક્ષ અને તટસ્થ છે.(7) ભારતના બંધારણમાં 'સર્વધર્મ-સમદષ્ટિ' અને 'સર્વધર્મ- સમભાવ'નો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે. આથી કહી શકાય કે, ભારત બિનસાંપ્રદાયિક દેશ છે.

88. વિવિધતા : આપણા દેશમાં ધર્મ, ભાષા, જાતિ, જ્ઞાતિ, આર્થિક અસમાનતા, ખાન-પાન, તહેવાર, પોશાક, રૂપ-રંગ, રહેઠાણ, માન્યતા, રીતરિવાજ વગેરેમાં તેમજ સ્થળની આબોહવા.ભૂપૃષ્ઠ, ખેતી, જંગલો વગેરે ભૌગોલિક બાબતોમાં વિવિધતા પ્રવર્તે છે. આ વિવિધતાને કારણે આપણા દેશમાં અમીર-ગરીબ, છોકરા-છોકરી, સાક્ષર-નિરક્ષર, શહેરી - ગ્રામીણ, ઊંચ-નીચ જ્ઞાતિઓ વગેરે ભેદભાવો જોવા મળે છે. આપણી પ્રારંભિક સામાજિક સંરચના જ્ઞાતિ પર આધારિત હતી. તેથી કેટલાક સમુદાયો આર્થિક અને સામાજિક રીતે પછાત રહી ગયા હતા. તેથી સમાજમાં જ્ઞાતિ આધારિત ભેદભાવ ઉદ્ભવ્યા હતા. શિક્ષિત લોકોનું જીવનધોરણ ઊંચું અને નિરક્ષર લોકોનું જીવન સામાન્ય હોય છે. આમ, બંને વર્ગોના જીવનધોરણમાં મોટો તફાવત હોવાથી ભેદભાવ ઊભા થયા છે. આપણા દેશમાં ગ્રામીણ લોકોની સંખ્યા શહેરી લોકોના પ્રમાણમાં વધુ છે, પરંતુ ગ્રામીણ અને શહેરી લોકોના જીવનધોરણમાં મોટો તફાવત હોવાના કારણે ભેદભાવ ઊભા થયા છે.

સમાનતાના પ્રયાસો : (1) દેશના બંધારણના આર્ટિકલ 17 પ્રમાણે અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે. (2) બંધારણે સમાનતાના મૂળભૂત હક દ્વારા સૌ નાગરિકોને સમાન તક, ન્યાય અને દરજ્જો આપવામાં આવ્યાં છે. ( 3) મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર દ્વારા 6થી 14 વર્ષની ઉંમરનાં બધાં બાળકોને શિક્ષણનો અધિકાર આપવામાં આવ્યો છે. () લોકોના સામૂહિક વિકાસ માટે ગ્રામ્ય સડકો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, વીજળી,પીવાનું પાણી વગેરે પાયાની સગવડો સરકારે પૂરી પાડી છે.( 5) લોકો પોતાના ધર્મનું પાલન કરે, પોતાની ભાષા બોલી શકે અને પોતાના તહેવારો ઊજવી શકે વગેરે સ્વતંત્રતા મળવાથી ભેદભાવો નામશેષ બન્યા છે. (6) સમાજની ચોક્કસ જ્ઞાતિઓ માટે સરકારી નોકરીઓમાં તથા ગ્રામપંચાયતથી સંસદ સુધીની બેઠકોમાં અનામત પ્રથા અમલી બનાવવામાં આવી છે, (7) વિદ્યાર્થીઓ માટે છાત્રાલય, શિષ્યવૃત્તિઓ તેમજ આર્થિક મદદની યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. ઉપર દર્શાવેલી સગવડો દ્વારા સૌને સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રગતિ અને વિકાસ સાધવાની તકો પ્રાપ્ત થઈ છે.

BHAVDIP VADHER